ગાંધીનગર સમાચાર

નભોઇમાં ભારે વાહનોના ચાલકો માટે નવીન ટ્રેનીંગ સેન્ટર બનશે

# ગાજ્યા મેહ, વરસ્યા નહી

**શહેરમાં માત્ર એક ઈંચ વરસાદ : મૌસમનો કુલ વરસાદ ૨૬૧.૫ મી.મી. થયો : વસાહતીઓ હજુ ધમાકેદાર વરસાદની રાહ જુએ છે**

ગાંધીનગર, તા. ૩૦

વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થઈ ચુક્યો છે. વરસાદના બીજા તબક્કામાં આકાશમાં ખુબ વાદળો ઘેરાયા હતા અને વીજળીના ભારે કડાકા થયા હતા. જો કે તે પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. માત્ર એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં સુંદર વરસાદી માહોલ બંધાયો છે. અવારનવાર આકાશમાં વાદળો ઘેરાઈ આવે છે. જો કે તે પ્રમાણે વરસાદ વરસતો નથી. ગઈકાલે સાંજે આકાશમાં ચારે દિશામાંથી કાળા ડિબાંગ વાદળો ઉમટી આવ્યા હતા. આઠ-સાડા આઠની આસપાસ વીજળીના કડાકા સંભળાવવા શરૂ થઈ ગયા હતા. વીજળીના કડાકા અને વાદળોની ભારે ગર્જનાએ ભયાવહ માહોલ ઉભો કર્યો હતો. એવુ લાગતુ હતુ કે હમણા ધોધમાર વરસાદ તુટી પડશે અને શહેર જળબંબાકાર થઈ જશે. વરસાદ પણ થોડીકવારમાં શરૂ થયો હતો. વરસાદની ગતિ પણ સારી એવી હતી જો કે જે પ્રમાણે અપેક્ષા હતી તે પ્રમાણે વરસાદ વરસ્યો ન હતો. સાડા આઠ વાગ્યાની આસપાસ શરૂ થયેલો વરસાદ દસ વાગ્યા સુધી ક્યારેક ધીમી ધારે તો ક્યારેક ધોધમાર પડ્યો હતો. દસ વાગ્યા પછી વરસાદ સાવ થંભી ગયો હતો. જે પ્રમાણે વરસાદી માહોલ જામ્યો હતો તે અનુસાર વરસાદ ન પડતા વસાહતીઓ નિરાશ થયા છે. જો કે ધીમીધારના વરસાદથી ખેડૂતો ખુશખુશાલ છે. વાવણીકાર્ય પૂરજોશમાં ચાલુ થઈ ગયુ છે. ગઈકાલે રાત્રે પડેલા ૨૪.૫ મી.મી. વરસાદ સાથે અત્યાર સુધી મૌસમનો કુલ વરસાદ ૨૬૧.૫ મી.મી. નોંધાયો છે.

## માણસા-કલોલમાં બે ઈંચ વરસાદ

ગાંધીનગર જિલ્લાના માણસા અને કલોલમાં બે-બે ઈંચ વરસાદ અને દહેગામ ગાંધીનગર તાલુકામાં ૧-૧ ઈંચ વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

વરસાદ થતાંની સાથે વાતાવરણમાં પલ્ટો આવવા ઉપરાંત સમયસર આગમન થતાં ખેતીને અને વાવણીને સારો ફાયદો થયો હોવાનું ખેડૂતો માની રહ્યા છે. જિલ્લામાં વાવણીનું કામ આ વરસાદને પગલે વધુ વેગીલુ બન્યુ છે. જિલ્લામાં હાલ ૬૬ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન થઈ ચુક્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગઈકાલ રાત્રે ૮ થી સવારે ૮ વાગ્યા સુધીમાં જિલ્લાના માણસામાં ૪૮ મિ.મિ., દહેગામમાં ૨૯ અને કલોલમાં ૬૦ મિ.મિ. વરસાદ નોંધાયો છે. વરસાદના આગમનને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વાવણીનું કામ જે થોડુક ધીમુ પડ્યુ હતુ તેમાં વેગ આવ્યો છે.



મજા મકાઈની - વરસાદ આવે કે ના આવે મકાઈની લારીઓ ઠેર-ઠેર ગોઠવાય છે... ગાંધીનગર-અમદાવાદના માર્ગ પર કે ગાંધીનગરની આસપાસના તમામ માર્ગો પર ગરમા-ગરમ મકાઈ ખાવાની મજા વાહનચાલકો આજકાલ માણી રહ્યા છે... વરસાદનો માહોલ જામે અને મકાઈ બજાર તેજીમાં આવે... મકાઈની મજા વરસાદી માહોલમાં કંઈક અલગ જ હોય છે... આજકાલ બાફેલી-શેકેલી અમેરિકન મકાઈની બોલબાલ વધુ જોવા મળે છે...

# નભોઈમાં ભારે વાહનોના ચાલકો માટે નવીન ટ્રેનીંગ સેન્ટર બનશે

**ટ્રેનીંગ સેન્ટરમાં ઓડિટોરીયમ સહીતની સુવિધા ઉભી કરાશે : ૧૦ એકર જગ્યા ફાળવવા માટે નિર્ણય લેવાયો છે : જો કે સ્થળ પસંદગીના મુદ્દે હજુ વિચારણા જારી છે**

ગાંધીનગર તા ૩૦

આર ટી ઓ કચેરી હાઈટેક બનાવાયા બાદ હવે ભારે વાહનોના ચાલકોને તાલીમ આપવા માટે નજીકના ભવિષ્યમાં ટ્રેનીંગ સેન્ટર શરૂ કરાશે ટ્રેનીંગ સેન્ટરના નિર્માણ માટે જગ્યા ફાળવવાનો પણ નિર્ણય લેવાઈ ગયો છે. નભોઈ નજીક આ નવિન સેન્ટર બનાવવામાં આવે તેવી પણ શકયતા છે. આ માટે ૧૦ એકર જમીન ફાળવવામાં આવશે. જેમાં હેવી વ્હીકલના ડ્રાઈવરોને જરૂરી તાલીમથી સજ્જ કરવામાં આવશે. આ ટ્રેનીંગ સેન્ટરમાં ઓડિટોરીયમ પણ બનાવાશે.

નગરના ગ માર્ગ પર અદ્યતન આર ટી ઓ કચેરીનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ કરી અરજદારોને સમય ન બગાડવો પડે તે માટે ઓન લાઈન એપોઈન્ટમેન્ટ પ્રથા અમલી બનાવાઈ છે. જયારે આર ટી ઓની કામગીરી અન્ય જિલ્લાની શાખાઓ સાથે જોડાયેલી રહે તે માટે તાજેતરમાં જ વ્હીકલ ટુ નામનુ સોફટવેર કાર્યરત કરી કોમ્પ્યુટરાઈઝ કામગીરીને અપગ્રેડ કરવામાં આવી છે. હાલ નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વાહનચાલકોને લાઈસન્સ ઈસ્યુ કરવા માટે અદ્યતન ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પણ કાર્યરત છે. જયારે આ ઠેકાણે હેવી વાહનોનો ચાલકો માટે ટેસ્ટીંગ સહીતની અન્ય કામગીરી કરવી મુશ્કેલ હોવાથી આ મામલે વિભાગ દ્વારા અન્ય ઠેકાણે તાલીમ સેન્ટર કાર્યરત કરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ભારે વાહનોના ચાલકોને જરૂરી તાલીમ આપવા માટે નવુ ટ્રેનીંગ સેન્ટર બનાવાનુ આયોજન કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર



રાષ્ટ્રીય પ્રવાસન એવોર્ડ - દિલ્હી વિજ્ઞાન ભવન ખાતે પ્રવાસન મંત્રાલય દ્વારા યોજાયેલ એવોર્ડ સેરેમનીમાં નેશનલ ટુરિઝમ એવોર્ડ ગુજરાતને એનાયત થયો હતો... લોકસભાના અધ્યક્ષ શ્રીમતી સુમિત્રા મહાજન અને પ્રવાસન મંત્રી ડૉ. મહેશ શર્માએ ગુજરાત પ્રવાસન નિગમના મેનેજીંગ ડીરેક્ટર એસ.જે. હૈદરને એનાયત કર્યો હતો.

# જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી ઉવારસદમાં કરાશે

ગાંધીનગર તા ૩૦

વન વિભાગ દ્વારા ઉવારસદ ખાતે આગામી તા ૪ ઓગષ્ટના રોજ જિલ્લા કક્ષાનો વન મહોત્સવની ઉજવણી કરાશે.સદવિચાર વિકલાંગ કેન્દ્રમાં ૨૫૧ જેટલા વૃક્ષોની વાવણી કરાશે.માર્ગ મકાન મંત્રીના હસ્તે વન મહોત્સવનુ ઉદઘાટન કરવામાં આવશે. શાળા સંકુલમાં વન તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# હવે એન.એ.ના કેસોનો નિકાલ ઓપન હાઉસ યોજીને કરાશે : કલેક્ટર

**કલોલ-માણસાના કુપોષીત બાળકો માટે ૧ ટન ખજૂરનું દાન મેળવનાર તંત્રની પીઠ થપથપાવતા કલેક્ટરે મહેસુલી કામોના અને વસુલાતની સાથે તંત્ર વધુ સંવેદનશીલતા સાથે પ્રજાભિમુખ બને તે માટે તાકીદ કરી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૩ વર્ષ બાદ પુનઃ જમીનોની એન.એ.ના કેસોનો નિકાલ હવે ઓપન હાઉસ યોજી અને કરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠકમાં આપ્યા હતા.

કલોલ ખાતે જિલ્લાના મેહસુલી અધિકારીઓની બેઠકને સંબોધતાં જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે તંત્ર સંવેદનશીલ બને અને પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે તૈયાર રહે તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે એન.એ.ના કેસોનો નિકાલ હવે ગાંધીનગર સહિત જિલ્લાના અન્ય તાલુકાઓમાં ઓપન હાઉસ યોજી કરવામાં આવશે. દર મહિને આવા ઓપન હાઉસ યોજવામાં આવશે.

તેમણે આજે તુમાર નિકાલ, મહેસુલી વસલાત, નોંધોનો નિકાલ ઝડપી કરવા ઉપરાંત કેન્દ્રના અને સરકારના પડતર કેસોનો નિકાલ પણ ઝડપથી થાય તે જોવા જણાવ્યુ હતુ. ખાસ કરીને પેન્શનના કેસો, કોમ્પ્યુટરની તાલિમની બાબત પર પણ તેમણે ભાર મુક્યો હતો.

વૃદ્ધ સહાયના જે જુદી જુદી યોજનાના કેસો છે તેનો પણ ચોક્કસ સમય મર્યાદામાં નિકાલ થવો જોઈએ તેવો આગ્રહ કરી જણાવ્યુ હતુ કે અરજદાર તરફી અભિગમ સાથે આવા કેસોને વિચારણામાં લઈ આગળ વધીએ.

જિલ્લામાં રિસર્વે બાદ પ્રમોસગેશનની ધીમી ચાલી રહેલી કામગીરી અંગે નારાજગી વ્યક્ત કરી સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીમાં સમગ્ર કામગીરી સંપન્ન થઈ જાય તે જોવા કડક તાકીદ કરી હતી. જિલ્લા કલેક્ટરે મહેસુલી વર્ષ સંપન્ન થવાની આડે હવે ઓછા દિવસ છે ત્યારે વસુલાત માટે પણ ધ્યાન કેન્દ્રીત કરવા સૂચના આપી હતી.

ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં મળેલા પ્રશ્નોના પણ ઉકેલ માટે તેમણે સમયબદ્ધ આયોજન કરવાનો આગ્રહ કર્યો હતો. આજની આ બેઠકમાં ભારે વરસાદ સમયે લેવાના થતા પગલાંઓની સમીક્ષા કરી હાલ જે રીતે વાતાવરણ બની રહ્યુ છે તેમાં રોગચાળો ઉદ્ભવે નહિ તે માટેની કાળજી લેવાય તેવો પણ આગ્રહ કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી નાનુભાઈ મહાદેવભાઈ મહેતા સંવત ૨૦૭૨ અષાઢ વદ ૧૦ને તા. ૨૯-૦૭-૧૬ને શુક્રવારના રોજ અક્ષરનિવાસ પામ્યા છે. શ્રીજીને ગમ્યુ તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા. ૧-૦૮-૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : MIG, 6/63, સરદાર પટેલ કોલોની, સેક્ટર-૧૪, ગાંધીનગર. મો. ૯૯૭૯૮૮૩૧૪૭**

હસમુખભાઈ મહાદેવભાઈ મહેતા (લિ.) શરદભાઈ નાનુભાઈ મહેતા
શૈલેષભાઈ નાનુભાઈ મહેતા જગદીશભાઈ નાનુભાઈ મહેતા

**ફર્મ : સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર.**

## બેસણું- ઝિરાયત



સખેદ જણાવવાનું કે, હાજી મહંમદભાઈ હાસમભાઈ મનસુરી (રાંધેજાવાળા) તારીખ : ૩૦-૦૭-૨૦૧૬ને શનિવાર, મું.ચાંદ ૨૪ ના રોજ ખુદાપાકની રહેમત માં જન્નતનશીન થયેલ છે. મુર્હમનું બેસણું તા. ૩૧-૦૭-૨૦૧૬ને રવિવારના રોજ સાંજે : ૪ થી ૬ કલાકે રાખેલ છે અને મુર્હમની ઝિયારત તા. ૦૧-૦૮-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૬૫૨-૨, અસરફી એપાર્ટમેન્ટ ચર્ચની પાછળ, મસ્જિદની સામે, સેક્ટર-૨૯, ગાંધીનગર**

દુઆગીર

સમીરભાઈ દાઉદભાઈ મનસુરી | દાઉદભાઈ હાસમભાઈ મનસુરી
સાજીદભાઈ દાઉદભાઈ મનસુરી | ઈકબાલભાઈ અલારખભાઈ મનસુરી
હસિત ઈકબાલભાઈ મનસુરી | યુસુફભાઈ અલારખભાઈ મનસુરી
યાફી સમીરભાઈ મનસુરી | કાસમભાઈ મહંમદભાઈ મનસુરી
ઝરીન યુસુફભાઈ મનસુરી | યાસીન કાસમભાઈ મનસુરી

**ફર્મ : ભારત આર્યન વર્કસ-૯૮૨૪૩૪૩૩૧૧, અભય ડેકોરેટર્સ, ઝરિન કેટરીંગ પ્રા.લિ.**

## બેસણું



મારા ધર્મપત્ની **વિલાસબેન પ્રકાશચંદ્ર શાહ**નું તા. ૨૭/૭/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૩૧/૭/૨૦૧૬ના રોજ રવિવારે સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૨૬૨, વાસતી પેલેસ, સેક્ટર-૨૯, ગાંધીનગર**

લી.
**પ્રકાશ સી. શાહ**
(નિવૃત્ત - જળસંપત્તિ નિગમ)
**કિરીટ સી. શાહ**
(ડિરેક્ટર, ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી)
**પિંકલ પી. શાહ**
(કલ્પતરુ પાવર ટ્રાન્સ. લી.)
**ધવલ પી. શાહ**

## પાંચમી વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. કલ્યાણસિંહ કેસરીસિંહ ભાટી**
સ્વ. તા. ૧૬/૭/૨૦૧૨
મુ. ચાંદખેડા, અમદાવાદ

રડી પડી છે આંખો અમારી જોઈ તસવીર તમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પલભરમાં તમે છેતરી ગયા. તમારો સદા હસમુખો ચહેરો જોઈ ઈશ્વરને અમે પૂછીએ, તમારે ખજાને શી ખોટ પડી કે અમને જેની જરૂર હતી તેની તમારે શી જરૂર પડી ? પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. મધુબા કલ્યાણસિંહ ભાટી
ભાટી દીપસિંહ કલ્યાણસિંહ
ભાટી રાજેન્દ્રસિંહ કલ્યાણસિંહ
ભાટી હર્ષદસિંહ કલ્યાણસિંહ
ભાટી વનુબા કલ્યાણસિંહ (મુંબઈ)
ભાટી ભાવનાબા કલ્યાણસિંહ (ગાંધીનગર)
તથા સમસ્ત ભાટી પરિવાર (સાણંદ)

## જાહેર ચેતવણી

અમો એડવોકેટ કરણ વાય. વ્યાસ, રહે-૫૫/૧, ગ-૧ ટાઈપ, સેક્ટર-૨૩, તા.જી. ગાંધીનગરના તે અમારા અસીલ શ્રી જગદીશભાઈ વીસનદાસ ભક્તાણી, રહે ઈ/૧૨, અંકુર એપાર્ટમેન્ટ, વાવોલ, તા.જી. ગાંધીનગર નાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપીએ છીએ કે...

અમારા અસીલના પુત્ર સાગર જગદીશભાઈ ભક્તાણી નાઓ ગઈ તા. ૨૯/૭/૨૦૧૬થી અમારા અસીલ સાથે તકરાર કરી અલગ રહેવા ગયેલ છે. અને અમારા અસીલના કહ્યામાં નથી. તેઓ તેમનું મનફાવે તેવું વર્તન કરે છે. જેથી અમારા અસીલના પુત્ર સાગર જગદીશભાઈ ભક્તાણી નાઓને અમારા અસીલે તેમની તમામ સ્થાવર અને જંગમ મિલકતમાંથી બે દખલ કરેલ છે. હવેથી અમારા અસીલનો તેમના પુત્ર સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રહેતો નથી. જેથી અમારા અસીલના પુત્ર સાથે અન્ય કોઈપણ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, કંપની, બેંક કે અન્ય કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી. છતાં પણ જો કોઈએ વ્યવહાર કરેલ હશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિ, સંસ્થા, કંપની, બેંક કે અન્ય કોઈ પણ વ્યવહાર કરનારની રહેશે. જે અંગે અમારા અસલશ્રીની કોઈ જ જવાબદારી રહેશે નહીં.

તા. ૩૦/૭/૨૦૧૬
સ્થળ : ગાંધીનગર
અમારા અસીલની સુચના અને ફરમાઈશથી,

સહી/- જગદીશભાઈ વીસનદાસ ભક્તાણી
સહી/- કરણ વાય. વ્યાસ એડવોકેટ


info City Club & Resort
Craayons Pre-School & Activity center
info City

DRAWING COMPETITION

A ઉંમર ૬ થી ૮ વર્ષ
૧૫ ઓગસ્ટ, ૨૦૧૬
B ઉંમર ૯ થી ૧૨ વર્ષ

સમય: સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ: ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર

રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૪ ઓગસ્ટ, ૨૦૧૬
જીતો આકર્ષક ઈનામો

- ફી- ગૃપ A માટે- રૂા.૫૦/- અને ગૃપ B માટે - રૂા.૧૦૦/-
- સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. (કલર /પેન્સિલ/ ડ્રોઈંગ મટેરીયલ કીટ સ્પર્ધકે સાથે લાવવાના રહેશે).
- સ્પર્ધકને ICRPL તરફથી રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.

વધુ માહિતી /રજીસ્ટ્રેશન માટે સંપર્ક:
૯૯૭૯૮ ૮૯૩૭૭ / ૦૭૯ ૨૩૨૧ ૩૧૬૬
૦૭૯ ૨૩૨૧ ૩૧૫૫

Our Sponsors
info City | info City Club & Resort | Sam's PIZZA | Dr's Food


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com